# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૦ તા.૦૪-૦૩-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની વર્ષ ૨૦૨૩-૨૪ અંતર્ગત કામગીરી પૂર્ણ કરવા બાબત.

સંદર્ભ :- (૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : વિજાક/ શિક્ષણ / પ્રિ-મેટ્રીક/ ૨૩- ૨૪/૯૯૯

(૨) નં.જિનાનિ / વિજા/ શિક્ષણ/પ્રિ-મેટ્રીક/૨૦૨૩-૨૪/૪૬૭ થી ૪૮૩ જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીનો તા.૨૨-૦૨-૨૦૨૪નો પત્ર.

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે અત્રેની કચેરીએથી પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનામાં પ્રાથમિક શાળાઓએ કરવાની થતી કામગીરી, તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને પરિપત્ર નં.૫૨-બી તા.૨૨-૦૮-૨૦૨૩ના રોજ જાણ કરવામાં આવેલ છે. જે મુજબ શાળાઓએ તમામ વિદ્યાર્થીઓની પ્રપોઝલ ક્રીએટ કરી હાયર ઓથોરીટીને મોકલી આપવા જણાવેલ હતુ. ધો.૧ થી ૮ માંઅભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ગત વર્ષ ૨૦૨૨-૨૩ માં અંદાજીત ૨,૮૯,૨૩૫ વિદ્યાર્થીઓની દરખાસ્તની સરખામણીમાં ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪માં હજુ સુધી માત્ર અંદાજીત ૨,૪૫,૬૭૦ વિદ્યાર્થીઓની દરખાસ્ત મળેલ છે. પછાત વર્ગના બાળકોને સમયસર શિષ્યવૃત્તિ મળે એ હેતુથી સરકારશ્રીમાં સદર કામગીરીને ટોચ અગ્રતા આપવામાં આવતી હોય ઉચ્ચ કક્ષાએથી આ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની સુચના મળેલ હોય જે વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિની દરખાસ્ત બાકી રહેલ છે. એવા વિદ્યાર્થીઓની દરખાસ્તો દિન-૭ માં પૂર્ણ કરી આ સાથે સામેલ પ્રમાણપત્ર શાળાએ ઝોન કક્ષાએ આપવાનું રહેશે. ઝોનમાં આવેલ માહિતી મુખ્ય ઓફિસ શિષ્યવૃત્તિ વિભાગમાં તા.૧૧-૦૩-૨૦૨૪ સુધી મોકલી આપવાની રહેશે.

**પ્રમાણપત્ર**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ........................ શાળા નં....... ધો.૧ થી ૮ માં સા.શૈ.પ.વ., આ.પ.વ., વિચરતી-વિમુકત જાતિ, લઘુમતિ અને સા.શૈ.પ.વ. પૈકી અતિ પછાત જાતિના કુલ............ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેમાંથી ............... વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની દરખાસ્ત અત્રેની શાળામાંથી જિલ્લાકક્ષાએ મોકલી આપવામાં આવેલ છે તથા અત્રેની શાળામાં હવે કોઈ જ વિદ્યાર્થીની શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવાની બાકી રહેતી નથી. દરખાસ્ત ન થઈ શકે તેવા .......... વિદ્યાર્થીઓની કારણ સાથેની વિગત પ્રમાણપત્ર સાથે મોકલી આપવામાં આવે છે.

સ્થળ : મુખ્ય શિક્ષકશ્રીનો સહિ/સિકકો

તારીખ :

તા. ૦૪-૦૩૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

**અગત્યની નોંધ :-**

**આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે સર્ટીબુક લેવા ફકત મુખ્ય શિક્ષકએ મદદનીશ શાસનાધિકારીશ્રીની ભલામણ સાથેના રિપોર્ટ સાથે દર માસની ૧૦મી અથવા ૨૦ મી તારીખે આવવું. જો આ તારીખે જાહેર રજા આવે તો બીજા દિવસે આવવાનું રહેશે.**

**તા. ૦૪-૦૩૨૦૨૪**

**ડૉ.એલ.ડી.દેસાઈ**
**શાસનાધિકારી**